Extra No. 366

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, OCTOBER 10, 2025 / ASVINA 18, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

(૨) સંયુક્ત સચિવશ્રી (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરનો તા. ૧૭/૦૯/૨૦૨૫નો પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/ 0778/SB2

જાહેરનામુ

નં.ડીસી/પીઓએલ/જાહેરનામું/ચાઈનીઝ તુક્કલ/વશી/૮૪૩/૨૦૨૫.-દિવાળી, ઉત્તરાયણ તેમજ અન્ય તહેવારો દરમિયાન ચાઈનીઝ માંઝા/ નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નનો ખુબજ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. ચાઈનીઝ માંઝા/ નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નમાં વપરાતા પદાર્થોના કારણે પશુ પંખી તેમજ પર્યાવરણને નુકશાન તેમજ અન્ય દુર્ઘટનાઓ બનતી અટકાવવા માટે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૧૬ અન્વયેના તા.૧૩.૦૧.૨૦૧૭નો આદેશ, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના તા. ૧૧/૦૭/૨૦૧૭ના હુકમ, સરકારશ્રીના ગૃહ વિભાગના સંદર્ભ-૨ના પત્રની વિગતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ દિવાળી તથા ઉત્તરાયણ તેમજ અન્ય તહેવારો દરમિયાન ચાઈનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેટન્ટના ઉપયોગ પર જાહેરહિતમાં પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સમગ્ર અરવલ્લી જિલ્લામાં ચાઈનીઝ માંઝા/નાયલોન/ પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના કોટીંગ કરેલ અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, ખરીદી અને ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમયગાળો:-

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૦૬/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬, પ્રાણી પર ક્રુરતા નિવારણ ધારો-૧૯૬૦, વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦ મી ઓકટોમ્બર,૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 18:09:51 IST